SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 21. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિની જાળવણી સંદર્ભે અધ્યાપકની ભૂમિકા

ડૉ. બિન્દુબેન અનંતરાય મહેતા

**0.1 પ્રસ્તાવના**

વૈવિધ્યસભર કલા, સંસ્કૃતિ તથા પ્રાચીન વિરાસતના અખૂટ ભંડાર સમા માં ભારતીના જમણા હાથે મોદકની જેમ શોભી રહેલું ગુજરાત કલા, સાહિત્ય, રીત - રિવાજો, પરંપરાઓ, ભાષાકીય અભિવ્યક્તિઓ, કલાકૃતિઓ, ઐતિહાસિક તથા સાંસ્કૃતિક ધરોહરની સાથે વિશ્વભરમાં પોતાની અલાયદી છાપ ઉપસાવી રહ્યું છે. સંસ્કૃતિના સમૃદ્ધ ભંડાર સમાન આપણા દેશ ભારતની જેમ જ ગુજરાત પણ તેના લોકસાહિત્ય તેમજ સંસ્કૃતિથી ભરપૂર અને છલોછલ અખૂટ ભંડાર ધરાવે છે. આવા અતિ પ્રાચીન લોકસાહિત્ય , સંસ્કૃતિને ખૂબ પાછળ ધકેલી દેતા પહેલા એક વખત આછેરી નજર કરતાની સાથે જ તેની ભવ્યતાના દર્શન થાય છે. જ્યારે આજે સમગ્ર વિશ્વ લોકવિદ્યાના અભ્યાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 માં પણ લોકસાહિત્ય, સંસ્કૃતિને વિશેષ મહત્વ આપ્યું છે. આપણે સમગ્ર ગુજરાતના લોકસાહિત્ય તેમજ સંસ્કૃતિ તરફ નજર કરીએ તો ગુજરાતના વિવિધ પ્રદેશોની લોક સંસ્કૃતિ તેમજ લોકસાહિત્ય પણ વિવિધતા સભર રહેલું જણાય છે. ત્યારે લોકસાહિત્યના વિશાળ અભ્યાસ ક્ષેત્રને કારણે તેમાં સંશોધનની અને અભ્યાસની અનેક શક્યતાઓ રહેલી છે. લોકસાહિત્યના માધ્યમથી આપણા પ્રાચીનતમ દ્રઢ થયેલા સંસ્કાર, રીત - રિવાજો, રહેણી - કરણી, ભાવનાઓ, આપણા પ્રાચીન - ઐતિહાસિક વારસા સાથે પરિચિત થવાનું શ્રેષ્ઠ માધ્યમ હોય તો તે આપણું લોકસાહિત્ય છે. લોકસાહિત્ય હોય કે સંસ્કૃતિ હોય તેને સમાજ સાથે જોડવાનું તથા જાળવવાનું કાર્ય કોઈ કરી શકે તો તે છે અધ્યાપક એટલે કે શિક્ષક. શિક્ષક સમાજ તથા શાળા વચ્ચે એક સેતુનું કામ કરે છે. ત્યારે પ્રસ્તુત સંશોધન કાર્યમાં ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય તથા સંસ્કૃતિની જાળવણી સંદર્ભે અધ્યાપકની ભૂમિકાના સંદર્ભે કાર્ય થયું છે.

ગુજરાત રાજ્ય શ્રેષ્ઠતમ ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસો ધરાવે છે. ગુજરાતના વિશાળ આંગણમાં અનેક જાતિઓ, જ્ઞાતિઓ પોતાના રીત - રિવાજો, મેળાઓ, તહેવારો, ઉજવણીઓ, નૃત્ય, સાંસ્કૃતિક વારસો, વિવિધ સ્મારકો, ધાર્મિક સ્થળો, પર્વતો, નદીઓ, જંગલો તથા વિશાળ દરિયાકાંઠો પોતાનો ઉજ્વળ વારસો લઈને ધબકી રહ્યા છે ત્યારે ગુજરાત સાહિત્યિક વિરાસતમાં પણ મોખરે છે. તેના લિખિત સાહિત્યનો હજારો વર્ષ જૂનો ઇતિહાસ છે. તો લોકસાહિત્ય ક્ષેત્રે પણ તે પોતાનો આગવો ઇતિહાસ ધરાવે છે. જેમાં ગુજરાતના વિવિધ ભૂમિ ભાગો જેમ કે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત એમ પોતાના અલગ પ્રદેશ ધરાવતા લોકસાહિત્ય વિરાસત ધરાવે છે. જેમાં તેના પોતાના પેટા વિભાગને પણ તેના આગવા નામથી ઓળખવામાં આવે છે. જેમ કે હાલાર, ગોહિલવાડ, સોરઠ, વાગડ, વાળાક, કાનમ, લાટ, વઢીયાર, ખારાપાટ, દંઢાવ્ય, ભાલ, ચરોતર, ઝાલાવાડ એમ અનેક પ્રાદેશિક વિસ્તારોની પોત - પોતાની લોક સંસ્કૃતિ તથા લોકવિરાસત છે. તેમાથી અહીં ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય તથા સંસ્કૃતિની જાળવણી સંદર્ભે અધ્યાપકની ભૂમિકા વિશે ચર્ચા કરીશું. આ ચર્ચા કરતા પહેલા ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય વિશે થોડો પરિચય કેળવવો જરૂરી છે.

**0.2 ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય એક વિરાસત**

બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગર આમ કુલ છ જિલ્લાઓનો સહિયારો ઘરોબો એટલે ઉત્તર ગુજરાત. ઉત્તર ગુજરાતની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ, પશ્ચિમે પાકિસ્તાન, દક્ષિણે અડાલજ, અમદાવાદનો સીમા વિસ્તાર આવેલો છે. તો ધાર્મિક દ્રષ્ટિએ જોતા પશ્ચિમે સાંતલપુર થી લઈને પૂર્વમાં શામળાજી, ધનસુરા. દક્ષિણે બહુચરાજી સિધ્ધપુર જેવા સ્થળો આવેલા છે. તો અંબાજી તથા બહુચરાજી જેવી શક્તિપીઠો આવેલી છે. ઉત્તર ગુજરાત એક તરફ રાજ્યની સીમા તો એક તરફ દેશની સીમા, તો બીજી બાજુ ભારતીય પ્રાદેશિક વિસ્તારોની સાથે સાંસ્કૃતિક સંબંધ ધરાવે છે. અરવલ્લી અને વિંધ્યાચલની પર્વતીય શૃંખલઓમાં વન્ય અભયારણ્યો આવેલા છે તો એક બાજુ કચ્છના નાના રણની કાન્ધીનો વિસ્તાર આવેલો છે. પર્ણાશા, રૂપેણની સાથે વિશ્વની એકમાત્ર અંતસ્થ નદી સરસ્વતીની વિરાસત પણ ઉત્તર પ્રદેશને મળેલી છે. વિશ્વમાં ઐતિહાસિક પુરાતન સ્થાપત્યોમાં જેમનો સમાવેશ થયેલો છે તે મોઢેરાનું સૂર્યમંદિર હોય કે પાટણની રાણકી વાવ સિધ્ધપુરનો રુદ્ર મહાલય તો વડનગર નું કીર્તિ તોરણ, કુંભારિયાના દેલવાડાના દેરા કે તારંગાના નયનદ્રમ્ય પર્વતોને આંગણે જૈન દેરાસર, તો વાવ તાલુકામાં પાકિસ્તાન બોર્ડર પર આવેલું નડેશ્વરી માતાજીનું મંદિર પણ ઉત્તર ગુજરાતની શાન છે. આ ઉપરાંત મેળાઓ તો છે જ જેમાં વરાણાનું ખોડીયાર મંદિર અને તેનો પંદર દિવસનો લોકમેળો, સિદ્ધપુરનો કાત્યોકનો લોકમેળો અને વિશ્વનુ એકમાત્ર માતૃ શ્રાદ્ધ અને તર્પણ તીર્થ એવું સિદ્ધપુરનું બિંદુ સરોવર તો ભારતમાં રહેલું એકમાત્ર બ્રહ્માજીનું મંદિર એવું ખેડબ્રહ્મા સુસંસ્કૃત વિરાસતોની સાથે સાથે આદિવાસી વસ્તીની લોકવિરાસત પણ ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. આ વિવિધ વિરાસતોની સાથે તેની બોલીમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતના વિવિધ પ્રાદેશિક ભાગોની જેમ જ ઉત્તર ગુજરાત પણ વિવિધ પ્રાદેશિક ભાગો ધરાવે છે. જેમાં વાગડ, વાવેશી, વઢીયાર, થરાદરી, હિન્દવાણી, ડીસાવલ, જતોડા અને ચોરાડ એમ પેટા પ્રાદેશિક વિસ્તારોની વિરાસત પણ છે. જેમાં આંજણા ચૌધરી, દેશી મારવાડી અને

પાટણવાડીયા રબારી, ડુંગરી ગરાસીયા, કડવા અને લેઉવા પાટીદારો, ક્ષત્રિયો અને આદિવાસી વસ્તી તથા અન્ય જ્ઞાતિગત લોકવાગ્મયનો વારસો પણ ધરાવે છે.

**0.3 ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય તથા સંસ્કૃતિ**

લોકસાહિત્યના કોઈ રચયિતા નથી હોતા પરંતુ લોકસાહિત્યમાંના ભાવ, લાગણીઓ, પ્રસંગોમાં સમાનતા જોવા મળે છે. આ લોકસાહિત્યના રચયિતા અજ્ઞાત હોય છે. આ લોક સાહિત્ય ભવાઈ, લોકગીત, લોકવાર્તા, લગ્ન ગીતો સ્વરૂપે રહેલા હોય છે. લોકગીત તથા લોકવાર્તાનું વિષયવસ્તુ પ્રકૃતિના દરેક તત્ત્વ લોકજીવન કે લોકવિરાસત રહેલી છે. પરંતુ લોક કંઠે આ સાહિત્ય પેઢી દર પેઢી આગળ વધતું રહ્યું છે. ગુજરાતના લોકસાહિત્યની વાત કરીએ તો સૌથી વધુ લોક કથાઓનું સંપાદન સંશોધન અભ્યાસ જો કોઈ પ્રદેશમાં થયું હોય તો તે છે સૌરાષ્ટ્ર. પરંતુ અન્ય વિસ્તારો માં પણ લોકજીવન કે લોક સાંસ્કૃતિક વિરાસત કમ નથી. દરેક ક્ષેત્રમાં ત્યાગ, વીરતા, બલિદાન, સમર્પણ, ન્યાય માટે થતા બહારવટિયા કે સંત - સુરા, દાતા, સાધુ અન્ય સંદર્ભો કે તેવી ઘટનાઓ બધે જ બની હોય છે. આ તમામ ને સમાજ સુધી પહોંચાડવાનું કામ મહદ અંશે લોકસાહિત્ય દ્વારા થયું છે.

- **લોક કથાઓ**

એક સમયે એક હજાર વર્ષ સુધી જે પ્રદેશે સમગ્ર ગુજરાત પર શાસન કર્યું હોય, ગુજરાતની વધુ સમયની રાજધાની જે પ્રદેશે આપી હોય અને જ્યાં અનેક સ્થાપત્યો, સ્મારકો, વીરતા અને ત્યાગ, બલિદાનની કથાઓના ઉદાર ચરિત્રો બને તેવા રાજવીઓ, શૂરવીરોની ત્યાગ, બલિદાન, સમર્પણ, ન્યાયની કથાઓ પડેલી હોય તે છે ઉત્તર ગુજરાત. જેમાં વાણીયાના સંઘની રક્ષા માટે શહીદ થનાર અર્જુનસિંહ હોય કે પાટીદારની વીરતાને નવાજ તો જવામર્દ જીવો હોય કે પોતાને મારવા આવેલા સાત ઠાકોરોના માથા ધડથી અલગ કરી નાખ્યા હોય તેવો બાળચંદ હોય, ડંખીલો દાદભા મંગળભાની મર્દાનગી હોય, વીરવાસીયા દાદા, વીર વાછોડેદાદા, ભડવીર ભીમોજી, કુવર અડવીલો, રાજા અને ગઢવીની શરત, દુદો ને દુદણસી, રાણો રાજપુત, અમરસંગ, આખલીવાળા, રોટલાનું પુન, કાળજું, પતિ કોણ, ચાર ભાઈબંધો, તલ કાળા તલ ધોળા, નાગ અને વેઢ, દીપા ઝામ્પડીની વાત, જેવી લોક કથાઓ છે.

આ કથાઓની સાથે ઉત્તર ગુજરાતના વહીવંચા બારોટ સ્વ. ખોડુભા બારોટે વિસ્તારની રજેરજ ભૂમિ ફરીને 448 જેટલા પાળીયાઓની કથાઓ એકત્રિત કરી લોકસાહિત્યના સંશોધન અને સંપાદન ક્ષેત્રે ખૂબ જ મહત્વનું કાર્ય કર્યું છે. અને વિસરાયેલી કથાઓને પ્રકાશમાં લાવી છે. આ સિવાય બીજી ઘણી બધી લોક કથાઓ ઉત્તર ગુજરાતમાં ધરબાયેલી પડેલી છે.

1) **ઉત્તર ગુજરાતના લોકગીત**

લોકસાહિત્યમાં લોક કથા જેટલી પ્રખ્યાત અને મહત્વની છે તેટલા જ પ્રખ્યાત અને લોકમુખે રમતાં હોય તો તે છે લોકગીત. ઉત્તર ગુજરાતમાંથી લોકગીતોની પણ અમૂલી વિરાસત વહેતી નદીઓ સમી જોવા મળે છે. જેમાં 'કિયા તે ગામનો વાસી સોનાજી', 'સવા બશેરનું મારું દાતરડું', અર્થ અને રાગ ધરાવતું ગીત 'પિયાની ગજવેલ લીધી બાબુડા સેલ', 'ઊંચી રબારણ ઉજળી', જેમાં રબારી જ્ઞાતિ વિશેષની નારી નામે સુખ-દુઃખની વેદના જે એ વિસ્તારની કહાની બયાન કરે છે, તો 'મણીયારાનું ગીત', 'મીર ખાનજીના કાગળ', 'ઝેરીયા રમે ઝેરીયા' વગેરે લોકગીતો અને તે સિવાય અઢળક લોકગીતો આ વિસ્તારના લોકસાહિત્યના ખજાનાને ઉજાગર કરે છે.

1. **ઉત્તર ગુજરાતના હડીલા**

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સુંદર નજરાણુ ગણી શકાય તે છે બનાસકાંઠાના ઠાકોરોમાં દિવાળી તહેવાર પર ગવાતા ગીત છે, જે હડીલા તરીકે ઓળખાય છે.

1. **ઉત્તર ગુજરાતના લગ્ન ગીતો**

ઉત્તર ગુજરાતના પાટીદારો, નાગર બ્રાહ્મણોના લગ્ન ગીતો, ખેડબ્રહ્માના ભીલોના લગ્ન ગીતો, તેમના ધાર્મિક ગીતો તેમના સામાજિક ગીતો વગેરેના સમૃદ્ધ સંપાદનો પણ જાણવા તથા માણવા યોગ્ય છે.

આ સિવાય ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં ગરબા, જોડકણા, પાંચીકડા, સોરઠા જેવા પદ્ય દેહે અનેક સ્વરૂપો જોવા મળે છે.

**0.4 લોકસાહિત્ય તથા સંસ્કૃતિની જાળવણી સંદર્ભે અધ્યાપકની ભૂમિકા**

લોકસાહિત્ય તથા લોક સંસ્કૃતિની જાળવણી કરવી એટલે તેનો અર્થ માત્ર એટલો જ નથી કે લોકસાહિત્યના પુસ્તકોની સાફ સફાઈ રાખવી, તેની દેખરેખ રાખવી પરંતુ લોકસાહિત્ય અને સંસ્કૃતિની જાળવણી એટલે તેના મૂળ સ્વરૂપને લોકોની સમક્ષ લાવવી, તેના તરફ સમાજ, નાગરિકને માનભેર નજરથી જોતા કરવા એ જ લોકસાહિત્યની સાચી જાળવણી છે. તે સંદર્ભે જોઈએ તો અધ્યાપક આ પ્રકારની જાળવણીનું કામ ખૂબ જ ઉમદા રીતે કરી શકે છે કારણ કે, શિક્ષણ અને સમાજ એક સિક્કાની બે બાજુ છે. શિક્ષણ થકી સમાજ બને છે અને સમાજ થકી શિક્ષણ બને છે. ત્યારે શિક્ષક એ એવું માધ્યમ છે જે સમાજ તથા શિક્ષણને જોડતી કડી નું કાર્ય કરે છે. શિક્ષક એક કર્મચારી તરીકે નહીં પરંતુ રાષ્ટ્રનિર્માતા તેમજ સમાજ નિર્માણના કાર્ય સાથે જોડાયેલ એક અગત્યનું અંગ છે. શિક્ષક બાળકને ભણતર આપવાની સાથે - સાથે શિક્ષકે વિદ્યાર્થીઓને માત્ર માહિતીઓ જ આપવાની નથી હોતી તેની સાથે - સાથે સારા વ્યક્તિ તરીકે પણ ઘડવાનું હોય છે. આધુનિક માહિતીઓની સાથે પ્રાચીન વારસાથી પણ પરિચિત કરવવાનું કામ શિક્ષકનું છે. પછી તે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકો હોય કે ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં કાર્યકર્તા અધ્યાપકો હોય. વિદ્યાર્થીઓને આપણા ભવ્ય પ્રાચીન વારસા સાથે જોડવા તેમજ તેના પ્રત્યે ગર્વની અનુભૂતિ કરાવવી તે એક અધ્યાપક માટે ખૂબ જ અગત્યનું છે. અને તેમાં પણ આજે યુવા વર્ગ પશ્ચિમી સંસ્કૃતિ તરફ આંધળી દોટ

લગાવી રહ્યો છે ત્યારે તેને આપણા પ્રાચીન મૂલ્યો, સંસ્કારો અને વારસાથી પરિચિત કરાવવા ખૂબ જ જરૂરી છે. વટ વૃક્ષ સમાન આપણી લોક સંસ્કૃતિના મૂળ સુધી આજના યુવાનોને લઈ જવા ખૂબ જ જરૂરી છે અને તે પણ ત્યારે જ અસરકારક બને જ્યારે તેમની અપેક્ષાઓ મુજબ તેમને પીરસવામાં આવે. આજના કહેવાતા અતિ આધુનિક તેમજ ટેકનોલોજી યુક્ત સમયમાં યુવાનોને આપણા પ્રાચિન લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ તરફ વાળવા ખૂબ જ જરૂરી છે અને એ કામ એક અધ્યાપક ધારે તો અશક્ય નથી. એક બુદ્ધિ જેવી ચારિત્ર્યવાન અને સંસ્કારી સમાજના નિર્માણ કરવામાં અધ્યાપકની ભૂમિકા બેવડી ગણી શકાય આજના વિદ્યાર્થીઓને - યુવાનોને આપણા લોકસાહિત્ય, સંસ્કૃતિ સાથે સહજતાથી જોડવા માટે એક અધ્યાપકે ખૂબ જ ખંત તેમજ કુનેહથી કાર્ય કરવું જરૂરી છે. આ કાર્ય કરવા માટે અધ્યાપકે વિવિધ ભૂમિકાઓ ભજવવી પડે છે જેની અહીં આપણે ચર્ચા કરીશું.

- **માર્ગદર્શક**

આજે ભૌતિક સુવિધાઓથી છલોછલ તેમજ કોમ્પ્યુટર, ટેકનોલોજી અને મનોરંજન ક્ષેત્રમાં થયેલા ઉછાળાના કારણે વિદ્યાર્થીઓની સ્વતંત્રતા સ્વચ્છંદતા તરફ જઈ રહી છે ત્યારે એક અધ્યાપકની જવાબદારી અને ભૂમિકા વધુ સંકુલ બને છે. આવી પરિસ્થિતિમાં એક અધ્યાપક લોકસાહિત્ય તેમજ સંસ્કૃતિના હકારાત્મક સહયોગ સાધે તો તેનો બેવડો ફાયદો થઈ શકે તેમ છે. આ માટે અધ્યાપકને અધ્યાપન કાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓ માટે એક માર્ગદર્શક બનવું આવશ્યક છે.

1. **મધ્યસ્થી**

બાહ્ય ચમક - દમક ધરાવતી પાશ્ચાત્ય સંસ્કૃતિ તથા આધુનિકતા તરફ આકર્ષિત થઈને તેની પાછળ ખોટી ઘેલછામાં દોડી

રહેલ યુવા ધન આપણી લોક સંસ્કૃતિ તથા લોકસાહિત્યથી વિમુખ થઈ રહ્યું છે. તે આપણા અતિ પ્રાચીન ભવ્ય વારસાથી અજાણ છે. ત્યારે તેમની આધુનિક વિચારસરણી તથા આપણા પ્રાચીન વારસાને જોડવા માટે અધ્યાપકે મધ્યસ્થી તરીકેનું કાર્ય કરવાનું છે. અહીં અધ્યાપક વિદ્યાર્થીઓ સમક્ષ માર્ગદર્શક, મિત્ર તથા તત્વચિંતક તરીકેની ભૂમિકા નિભાવે તે ખૂબ જ જરૂરી છે.

- **પ્રેરક**

તરુણ તેમજ યુવાવસ્થામાં પગરવ કરી રહેલા વિદ્યાર્થીઓ ઝડપથી અન્ય તરફ આકર્ષાઈ જાય છે. તેમાં પણ હાલ youtube, instagram, મેસેન્જર, ફેસબુક વગેરે સોશિયલ મીડિયા પર આવતી રીલ્સના છેલ બટાવ કાર્યકરોથી અંજાઈ જાય છે અને વ્યર્થ બાબતો શીખી અને પોતાનો અમૂલ્ય સમય વેડફી રહ્યા છે. આવા સમયમાં આપણા લોકસાહિત્ય તેમજ સંસ્કૃતિના મહત્ત્વને ઉજાગર કરી તે તરફ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાનું કામ અધ્યાપકનું છે. જે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરિત કરી શકાય છે.

- **વિદ્વાન**

'Google બાબાની જય હો' ના યુગમાં કોઈપણ પ્રકારની માહિતી મેળવવી વિદ્યાર્થીઓ માટે સહજ છે, ત્યારે જે google પર નથી મળતું તેવું અમૂલ્ય લોકસાહિત્ય, આપણા મૂલ્ય, આપણી સંસ્કૃતિને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવી જરૂરી છે. ત્યારે જ્ઞાનના વાહક તરીકે અધ્યાપક શ્રી પ્રથમ તો પોતે આપણા પ્રાચીન લોકસાહિત્ય તથા સંસ્કૃતિથી પરિચિત હોવા જરૂરી છે. કહેવાય છે કે, "કુવામાં હોય તો હવાડામાં આવે". એમ અધ્યાપક પાસે આપણા લોકસાહિત્ય - સંસ્કૃતિની તમામ જાણકારી હોવી જરૂરી છે. આથી વિદ્યાર્થીઓ સમક્ષ આત્મવિશ્વાસપૂર્વક રજૂ થવા માટે શિક્ષકને જે તે વિષયમાં વિદ્વતા પ્રાપ્ત કરવી જરૂરી છે.

1. **વિદ્યાર્થી**

શિક્ષક આજીવન વિદ્યાર્થી બની રહે તો જ તે પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે નિભાવી શકે. અધ્યાપકે ખુદ જે કળાથી , ગુણથી અજાણ હોય તેને શિખતા રહેવું જરૂરી છે. આથી જ્ઞાનવાહકની ભૂમિકા ભજવતા અધ્યાપકે આજીવન વિદ્યાર્થી બનવું જરૂરી છે.

1. **સહયોગી**

આપણા ઉપનિષદોમાં પણ કહેવાયું છે કે ,"તારી પાસે રહેલ સગવડોને વહેંચીને ભોગવ". એટલે કે, પૃથ્વી પરના તમામ લોકો પાસે રહેલી સુખ સગવડો એ માત્ર પોતાની જ નથી પરંતુ તેને સહકારની ભાવનાથી ઉપયોગમાં લેવામાં આવે તો જ તે વધુ યથાર્થ છે. ઉપરાંત એકબીજાને સહકાર આપવો એ ખૂબ જ અગત્યનું છે. વિદ્યાર્થીઓને માત્ર જણાવી દેવાથી અથવા તો અસાઇમેન્ટ, સ્પર્ધા વગેરેનું આયોજન કરી દેવાથી કામ પૂર્ણ થતું નથી પરંતુ આ કાર્ય કરવા માટે તેમને પૂરતી મદદ આપવી એ અધ્યાપક માટે ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શનની સાથે - સાથે તેમને સોંપેલ કાર્યમાં સહકાર પણ આપવામાં આવે તો ખૂબ જ હોંશ સાથે શીખવાના મુદ્દા આત્મસાત કરી શકે છે અને દરેક પ્રવૃત્તિઓમાં પણ સહર્ષ ભાગ લઈ શકે છે. તેથી અધ્યાપકે માર્ગદર્શકની સાથે એક સહકાર યુક્ત વ્યક્તિ તરીકેની ફરજ પણ નિભાવવી પડે.

2. **આદર્શ**

આપણે ઘણી વખત એવું અનુભવતા હોઈએ છીએ કે વિદ્યાર્થીનો સૌપ્રથમ કોઈ આદર્શરૂપ વ્યક્તિ હોય તો તે છે તેમના શિક્ષક. ભલે માતા-પિતા ગમે તેટલા જ્ઞાની હોય પરંતુ તેમના શિક્ષકે કહેલી વાત વિદ્યાર્થી માટે લોખંડની કડીરૂપ બની રહે છે. ત્યારે સૌપ્રથમ તો અધ્યાપક લોકસાહિત્ય તથા સંસ્કૃતિને પૂરા આદર તથા સત્કારથી ઉલ્લેખિત કરતા હોવા જોઈએ તેના તરફ હકારાત્મક અભિગમ ધરાવતા હોવા જોઈએ. જો અધ્યાપક જ આપણા પ્રાચીન વારસાને માન - સન્માન અને તેની ગરિમા ન જાળવી શકે તો વિદ્યાર્થીઓ તેવું કરવા માટે ક્યારેય આગળ નહીં આવી શકે. તેથી વિદ્યાર્થીના આદર્શ એવા ગુરૂજનો

લોકસાહિત્ય તથા લોક સંસ્કૃતિ પ્રત્યે હકારાત્મક અભિગમ ધરાવે તે જરૂરી છે અને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડે તે ખૂબ જ અગત્યનું છે.

- **ઉત્તમ શ્રોતા**

અધ્યાપકે એક આદર્શ શ્રોતા તરીકેની ભૂમિકા પણ નિભાવવાની છે. જ્યારે વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા મુજબ કોઈ રચના જેમકે લોક વાર્તા, ભવાઈ, લોકગીત વગેરે રજુ કરે છે ત્યારે એક શ્રેષ્ઠ સ્રોતા તરીકે તેની કૃતિ સાંભળવી તથા સમજવી જરૂરી છે. આ સાથે - સાથે વિદ્યાર્થીઓના પોતાના દ્રષ્ટિકોણ પણ છે અને પોતાના અભિપ્રાયો પણ છે ત્યારે તેમના અભિપ્રાયોને અવગણ્યા વગર તેને શાંતિપૂર્વક સાંભળવા તેમજ તેમને સંતોષ થાય તે રીતે તેમના પ્રશ્નોના ઉત્તર આપવા તે એક અધ્યાપકની ફરજ છે. આવા સમયે એક શ્રેષ્ઠ શ્રોતા તરીકે અધ્યાપકે પોતાની ભૂમિકા નિભાવવી જરૂરી છે.

- **ઉત્તમ વક્તા**

લોકસાહિત્ય એ સીધે સીધું બાળકોને શીખવી દેવાનું વિષયવસ્તુ નથી. લોકસાહિત્યના વિવિધ પ્રકારોની પોતાની અલગ અલગ કળા છે તેને રજૂ કરવાની વિવિધ ઢબ છે, તે નું વાંચન કે લેખન કરાવવા માત્રથી શીખવી શકાતું નથી, કે તેના તરફ અભિમુખ કરી શકાતું નથી પરંતુ લોક વાર્તા , લોકગીત લગ્નગીત કે ભવાઈ જો તેની આગવી ઢબ મુજબ જ રજૂ કરવામાં આવે તો તે વિદ્યાર્થીઓ સારી રીતે સમજી, શીખી અને જાણી શકે છે. આ માટે શિક્ષકે એક શ્રેષ્ઠ વક્તા હોય તે ખૂબ જ જરૂરી છે. અધ્યાપક કદાચ ભલે સારું ગાયન ન કરી શકે પરંતુ તેને તેની આગવી છટા થી રજૂ કરી શકે, તેનું મહત્ત્વ દર્શાવી શકે તો પણ વિદ્યાર્થીઓ માટે અગત્યનું બની જાય છે. આથી અધ્યાપકે એક ઉત્તમ વક્તા તરીકેની ભૂમિકા પણ નિભાવવી આવશ્યક છે.

**0.5 ઉપસંહાર**

વિદ્યાર્થીઓના જીવનમાં માતા-પિતા પછી જો કોઈ અગત્યનું સ્થાન લઈ શકતું હોય તો તે એકમાત્ર અધ્યાપક. એટલે કે, શિક્ષક છે. જેને આપણી ભારતીય સંસ્કૃતિમાં માતા - પિતા સમાન સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે, એક અધ્યાપક જ વિદ્યાર્થીને સમાજમાં માનથી રહેવા લાયક બનાવે છે, સમાજના સારા - નરસા પાસા વિદ્યાર્થીઓ સમક્ષ રાખવાનું કાર્ય એક અધ્યાપક કરે છે ત્યારે આપણા પ્રાચીન લોકસાહિત્ય સંસ્કૃતિને વિદ્યાર્થીઓ સમક્ષ મુકવાનું કાર્ય પણ અધ્યાપક જ ખૂબ જ સરળ રીતે કરી શકે છે. અન્ય માહિતી તો વિદ્યાર્થી આધુનિક માહિતીના સ્ત્રોતો દ્વારા શીખી શકે છે પરંતુ આપણા પ્રાચીન લોકસાહિત્ય, સંસ્કૃતિ, મૂલ્ય વગેરેથી પરિચિત તથા તેની સાથે જોડવાનું કાર્ય કરી શકે તો તે માત્ર અને માત્ર એક અધ્યાપક છે. અધ્યાપક વિદ્યાર્થીઓ સમક્ષ આપણા લોકસાહિત્ય, સંસ્કૃતિને સુવ્યવસ્થિત રીતે સહજતાથી રજૂ કરે તો બાળક તેના તરફ અભિમુખ થયા વગર ભાગ્યે જ રહેશે. અને આ કાર્ય લોકસાહિત્ય અને સંસ્કૃતિની જાળવણીનું અગત્યનું અંગ છે જે એક અધ્યાપક બખૂબી નિભાવી શકે છે.

**સંદર્ભસૂચી**


(1) ઉચાટ.ડી.એ. **સંશોધન સત્ય પસંદગી અને વ્યવહાર આધારો'** પારસ પ્રકાશન, રાજકોટ ૧૯૯૭ (૨) ઠાકર ડૉ. દરવેશ શિક્ષણનું સત્ય, પાર્શ્વપબ્લિકેશન, અમદાવાદ ૨૦ ૧૫

(2) સવલ નટુભાઈ,વોરા નઝીરભાઈ વોરા અને અન્ય **'વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ'**, નીરવ પ્રકાશન, અમદાવાદ

(3) પટેલ ડૉ.મોતીભાઈ અને અન્ય **શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો'**, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ

((4) શાહ બુદ્ધિચંદ્ર અને શાહ કૌશલ્યા 'શિક્ષણનું સમાજશાસ્ત્ર', યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,અમદાવાદ ૧૯૯૭

(5) **બનાસકાંઠાનાં લોકસંસ્કાર અને લોકવાણી**: જયંતીલાલ સો. દવે

(6) **ગુજરાતનાં લગ્નગીતો**: સંપા. વિનાયક રાવલ

(7) **રુપેણકાંઠાના શૂરવીરો**: મફત રણેલાકર

(8) **ચૌદ લોક**: પ્રેમજી પટેલ

(9) **Folk literature in indian Languages today and tomorrow,** Abstracts (2022), by Regional Institute of Education, Bhopal

(10) PEER REVIEWED NATIONAL JOURNAL, **Role and Responsebility of Education, Society and Research for Society Formation : Challenges and remedies,** (2023) ISSN NO. 2249 - 6386, Maitri vidhyapith, Surendtanagar.